**ફોજદારી પરચૂરણ અરજી નંબર–૯૯/૨૦૨૬**

**–:: *આંક– ૦૧ ની અરજ અન્વયે હુકમ* ::–**

(૧) અરજદાર ની અરજી **પટેલ મુકેશભાઈ ગાંડાભાઈ** વંચાણે લીધી, અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યાં તેમજ અરજદારની જરૂરી પૂછપરછ કરી, આ અરજીમાં જણાવ્યા મુજબ અરજદારનાને શાળામાં દાખલ કરતી વખતે તેઓના નામમાં તેમના પિતાનું નામ શરતચૂકથી ''**પટેલ મુકેશભાઈ રણછોડભાઈ**'' લખાયેલ છે. જે કારણસર અરજદારના આજદિન સુધીના તમામ શૈક્ષણિક રેકર્ડ, એટલે કે, સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં તેઓના પિતાનું નામ ચાલતું આવેલ છે. આમ, અરજદારના પિતાના નામ અં ગે વિસંગતા ઉભી થયેલ છે. જે વિસંગતતા દૂર કરવા રજૂ થયેલ પુરાવાના આધારે અરજદારના નામમાં પિતાનું નામ ''**પટેલ મુકેશભાઈ ગાંડાભાઈ**'' છે અને તે મુજબનો સુધારો આ કામના સામાવાળા નંબર–૧ અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્રમાં કરી આપે તથા શાળાના રેકર્ડમાં પણ તે મુજબનો સુધારો કરે તેવો જરૂરી હુકમ મેળવવા હાલની અરજી કરવી પડેલ છે. અરજદારે તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલાં છે.

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ | ૧૦ |
| ૨ | અરજદારના પાનકાર્ડની નકલ | ૧૧ |
| ૩ | અરજદારના ચુંટણી કાર્ડની નકલ | ૧૨ |
| ૪ | અરજદારના પાસપોર્ટની નકલ | ૧૩ |
| ૫ | રેશનકાર્ડની ખરી નકલ | ૧૪ |

| નં. | વિગત | આંક |
|---|---|---|
| ૬ | અરજદારના જમીનના ૮–અના ઉતારાની નકલ | ૧૫ |
| ૭ | અરજદારના પિતાના ચુંટણી કાર્ડની નકલ | ૧૬ |
| ૮ | અરજદારના આધારકાર્ડની નકલ | ૧૭ |
| ૯ | અરજદારનું સોગંદનામું | ૧૯ |
| ૧૦ | અરજદારના પિતાના મરણનો દાખલો | ૨૦ |

ઉપરોકત પુરાવા બાદ અરજદાર તરફે **આંક–૧૮**થી પુરાવા બંધની પુરસીસ રજૂ થયેલ છે, ત્યારબાદ અરજદાર તરફે તેમના વિ.વ.શ્રીએ હાલની અરજીને સમર્થનકર્તા દલીલો કરેલ છે.

(૨) આ કામે અરજદારે પોતાની અરજીના સમર્થનમાં **આંક–૦૪** થી અરજદારે સોગંદ ઉપર જુબાની આપેલ છે. તેમજ અરજદાર તરફે સાક્ષી સાહેદ- પટેલ પરેશ કુમાર ડાહયાભાઈનાઓને **આંક–૦૫થી** તથા સાહેદ–રાવલ કૌશીકભાઈ જંયતીભાઈનાઓને **આંક–૦૬થી** સોગંદ ઉપર તપાસેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદારના નામમાં પિતાનું સાચું નામ ''**પટેલ મુકેશભાઈ ગાંડાભાઈ**'' છે. જેથી અરજદારની અરજી મુજબ તેમાં સુધારો કરવા વિનંતી કરેલ છે.

વધુમાં આ કામે અરજદાર ધ્વારા **આંક–૧૯**થી સોગંદનામુ કરી જણાવેલ છે કે, તેઓની જન્મની નોંધ તેઓના માતા–પિતાના અક્ષાનતાના કારણે ગ્રામ પંચાયતમાં કરાવેલ ન હતી. વધુમાં તેઓના પિતાજી મરણ ગયેલ હોય તેમના મરણના દાખલાની નકલ **આંક–૨૦થી** રજૂ રાખેલ છે અને જણાવેલ છે કે, તેઓના નામમાં અરજદારના નામમાં પિતાનું સાચું નામ ''**પટેલ મુકેશભાઈ ગાંડાભાઈ**'' છે તે મુજબ સુધારો કરી આપવા વિનંતી

કરેલ છે.

તેમજ **આંક–૦૭**થી ઠાકોર કનુજી છનાજી, સામાવાળા નં.૧ , ઈન્ચાર્જ કલાર્ક, ભારત હાઈસ્કૂલ(ઉચ્ચતર શાળા),તા.કલોલ, જી.ગાંધીનગર નાઓએ સોગંદ ઉપર જુબાની આપેલ છે કે, આ કામના અરજદારના **આંક–૧૦** વાળા સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટમાં તેમના પિતાના નામમાં સુધારો કરાવવા સારુ કરવા અરજ કરેલ છે, જેના અનુસંધાને અરજદારએ તેઓની શાળામાં તા.૧૫/૦૬/૧૯૮૮ થી તા.૩૧/૦૫/૧૯૮૯ સુધીમાં ધોરણ ૦૮ સુધીનો અભ્યાસ કરેલ છે. સદરહું શાળાના એલ.સી.માં અરજદારના નામમાં પિતાનું નામ "**પટેલ મુકેશભાઈ રણછોડભાઈ**" લખાયેલ છે. આ કામના અરજદારના સ્કૂલના જનરલ રજિસ્ટર નં.૭૨૨૨ થી નોંધાયેલ છે. જે હકીકત શાળાના રેકર્ડ મુજબની છે. જેમાં તેમના શાળા છોડયાના પ્રમાણપત્રમાં આચાર્યશ્રીની સહી ઓળખી બતાવેલ છે. આ કામે તેઓએ **આંક–૦૮થી** વચપત્રકના ઉતારાની નકલ રજૂ રાખેલ છે.

તેમજ **આંક–૦૯** થી સામાવાળા નંબર–૨ તરફે હરપાલસિંહ એમ. ચાવડાએ ઉપસ્થિત રહી તેઓને અરજદારની માંગ્યા મુજબની અરજીમાં જણાવેલ છે કે, અરજાદારે તેમની અરજીમાં કરેલ માંગણી મુજબનો સુધારો કરવાની તેઓની સતામાં આવતું નથી.

(૩) આમ અરજદાર ધ્વારા રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતાં, અરજદારના નામમાં પિતાનું નામ "**પટેલ મુકેશભાઈ ગાંડાભાઈ**" હોવાનું માનવાને કારણ રહે છે તેથી અરજદારની હાલની અરજી મંજૂર કરવાપાત્ર જણાતી હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**૧.** અરજદારની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

**૨.** આથી સામાવાળા નં.૧ ભારત હાઈસ્કૂલ, તા.કલોલ, જી. ગાંધીનગર નાઓને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ તેમના શાળાના રેકર્ડમાં જયાં અરજદારના નામમાં તેમના પિતાનું નામ "**પટેલ મુકેશભાઈ રણછોડભાઈ**" લખાયેલ છે તેના બદલે અરજદારના નામમાં તેમના પિતાનું સાચું નામ "**પટેલ મુકેશભાઈ ગાંડાભાઈ**" કરી, તે મુજબનો જરૂરી સુધારો કરી નિયમ અનુસાર નવું શાળા છોડયાનું પ્રમાણપત્ર ઈસ્યુ કરવું. તેમજ આ કામના સામાવાળા નંબર–ર મે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગરને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ તેમના રેકર્ડમાં અરજદારના નામમાં તેમના પિતાનું સાચું નામ "**પટેલ મુકેશભાઈ ગાંડાભાઈ**" મુજબનો જરૂરી સુધારો કરી નિયમ મુજબ નવું સર્ટીફીકેટ કાઢી આપવું.

હુકમ આજ રોજ **તા. ૧૦ મી, માહે–એપ્રિલ, સને:– ૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૦/૦૪/૨૦૨૬**
**કલોલ, જી.ગાંધીનગર**

**(*વી. એચ. ઠક્કર*)**
**બીજા અધિક સિવિલ જજ, કલોલ,**
**જી.ગાંધીનગર. જીજે ૦૧૬૯૬**